તાલુકા પંચાયત કચેરીના નવા મકાન બાંધકામ અન્વયે
ફર્નિચરની સુવિધા માટે અનુદાન આપવા બાબત.

ગુજરાત સરકાર,
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: તપમ/૧૦/૨૦૧૪/૨૩૪૯૫૭/જ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૨૨/૦૬/૨૦૧૭

**વંચાણે લીધા :-**

(૧) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૦/ન.બા.૧/જ, તા. 03/0૭/૨૦૧૦

(૨) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક : તપમ/૧૦૨૦૧૩/૭૮૮૫૫૦/જ, તા. ૨૧/૦૬/૨૦૧૪

(૩) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક : તપમ/૧૦૨૦૧૩/૭૮૮૫૫૦/પાર્ટ/જ, તા. ૧૦/૦૪/૨૦૧૫

(૪) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક તપમ/૧૦/૨૦૧૫/૯૬૦૩૫/જ, તા. ૨૬/૦૨/૨૦૧૬

(૫) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક તપમ/૧૦/૨૦૧૫/૯૬૦૩૫/જ, તા. ૨૮/૦૩/૨૦૧૬

**પ્રસ્તાવના :-**

તાલુકા પંચાયત કચેરીનું મકાન જર્જરીત હોય તથા નવું બાંધવુ જરૂરી હોય તેવી તાલુકા પંચાયતોને કચેરીના નવા મકાનના બાંધકામ માટે, માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરી શકાય તે હેતુથી સીડીપી-૩ યોજના હેઠળ અનુદાન મંજૂર કરવા અંગેની ઉપર વંચાણે લીધા ક્રમાંક:(૧) પરના ઠરાવથી નીતિ નકકી કરવામાં આવેલ છે. ત્યારબાદ વંચાણે લીધા ક્રમાંક: (૨) પરના તા.૨૧/૦૬/૨૦૧૪ના ઠરાવથી અનુદાનની રકમ રૂ.૮૦ લાખથી વધારીને રૂ.૧૫૦ લાખ કરવામાં આવેલ, અને વંચાણે લીધા ક્રમાંક:(૩) પરના તા.૧૦/૦૪/૨૦૧૫ના ઠરાવથી અનુદાનની રકમ રૂ.૨૮૫ લાખ અને છેલ્લે વંચાણે લીધા ક્રમાંક:(૫) પરના તા.૨૮/૦૩/૨૦૧૬ના ઠરાવથી અનુદાનની રકમ રૂ.૨૪૦ લાખ નકકી કરવામાં આવેલ છે.

૨. તા.૦૩/૦૭/૨૦૧૦ના ઠરાવની નીતિ અનુસાર રૂ.૮૦ લાખનાં અનુદાનમાં અને તા. ૨૧/૦૬/૨૦૧૪ના ઠરાવની નીતિ અનુસાર રૂ.૧૫૦ લાખનું અનુદાન આપવાની નીતિ મુજબ ફર્નિચરની સુવિધા માટે અનુદાન આપવાની જોગવાઇ કરવામાં આવેલ ન હતી. પરંતુ, તા.૧૦/૦૪/૨૦૧૫ના ઠરાવથી નકકી થયેલ નવી ટાઇપ ડિઝાઇનમાં ફર્નિચરની સુવિધા માટે અનુદાન આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે. તેથી રૂ.૧૫૦ લાખની મર્યાદામાં અનુદાન મંજૂર કરવામાં આવેલ તાલુકા પંચાયતોને પણ ફર્નિચરના ખર્ચ માટે અનુદાન મંજૂર કરવાની બાબત રાજય સરકારની વિચારણા હેઠળ હતી.

**<u>ઠરાવ</u> :-**

તાલુકા પંચાયતોને ફર્નિચરની સુવિધા ઉપલબ્ધ થઇ શકે તે માટે પુખ્ત વિચારણાના અંતે રાજય સરકાર દ્વારા, આવી તાલુકા પંચાયતો કે જેને રૂ.૧૫૦ લાખની મર્યાદામાં કચેરીના નવા મકાનના બાંધકામની મંજૂરી આપવામાં આવેલ હોય તેને નીચેની શરતોને આધીન રૂ.૨૫ લાખ(પચ્ચીસ લાખ)ની મર્યાદામાં અનુદાન મંજૂર કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

**<u>શરતો</u> :-**

(૧) આ જોગવાઇ અનુસાર મહત્તમ રૂ.૨૫ લાખની મર્યાદામાં અનુદાન મંજૂર કરી શકાશે.

(૨) જે તાલુકા પંચાયતના નવા ભવનો માટે અગાઉ રૂ.૧૫૦ લાખ મંજૂર થયા છે અને ભવનનું બાંધકામ પૂર્ણ થયેલ છે તેમાં મકાન માટે ફાળવેલ ગ્રાન્ટની બચત રકમ(ટેન્ડર નીચુ આવવાના કારણે) રહેતી હોય તો તે ફર્નિચર માટેના રૂ.૨૫ લાખમાં સરભર કરવાની રહેશે.

(૩) આ અંગેની દરખાસ્તો વિકાસ કમિશનરશ્રી દ્વારા પૂરતી ચકાસણી કરીને વિભાગને રજૂ કરવાની રહેશે. તથા વિભાગ દ્વારા આ બાબતે વહીવટી મંજૂરી તથા અનુદાન મંજૂર કરવામાં આવ્યેથી વિકાસ કમિશનરશ્રીએ આ અંગેના વિગતવાર હુકમો તથા અનુદાન ફાળવવાની કાર્યવાહી કરવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ આ વિભાગના અંદાજપત્રમાં સીડીપી-૩ યોજના હેઠળ **જનરલ સદરે બજેટ હેડ:૭૦-૨૫૧૫-૦૦-૧૦૧-૦૯** હેઠળ અને આદિજાતિ વિસ્તાર સંદર્ભમાં **ટ્રાઇબલ સદરે બજેટ હેડ:૯૬-૨૫૧૫-૦૦-૭૯૬-૦૧** હેઠળની જોગવાઇમાંથી મંજૂર કરવાનું રહેશે.

૪. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પરની નાણાં વિભાગની તા.૧૯/૦૫/૨૦૧૭ તથા સરકારશ્રીની તા.૧૨/૦૬/૨૦૧૭ના રોજ મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વનરાજસિંહ પઢીંરીયા)
નાયબ સચિવ,
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને
ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

૧. માન. રા.ક. મંત્રીશ્રી(પંચાયત) (સ્વતંત્રહવાલો)ના અંગત સચિવશ્રી સચિવાલય,ગાંધીનગર.
૨. અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૩. નાણાં સલાહકારશ્રી(પંચાયત), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૪. વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
૫. કમિશનરશ્રી, ગ્રામ વિકાસ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
૬. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી.
૭. એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
૮. નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર
૯. બજેટ શાખા, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
૧૦. શાખા સિલેક્ટ ફાઇલ (૨ નકલ)
૧૧. નાયબ સેકશન અધિકારી, સિલેક્ટ ફાઇલ.
૧૨. સીસ્ટમ મેનેજર, વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા અર્થે